

જ્યારે તે એમ બોલેઃ "હું દુનિયામાં કાંઇ જ નથી" ત્યારે ચારે તરફથી પડઘા સંભળાય છેઃ "તું જ અમારું સર્વસ્વ છે." પણ જ્યારે તે એમ કહેઃ "હું કાંઇક છું" ત્યારે સંભળાય છે કે "તું કાંઇ જ નથી!"

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## ❋ કુદરતનો જવાબ ❋

કાનો કુંભાર મસ્ત હતો. એની આજીવિકાનું સાધન એનો એક ગધેડો હતો. એને મજૂરીએ લઈ જાય,
ે રૂપિયા મળે એટલે એ મસ્ત. સંતોષમાં સુખી. એની સામે જ એક ઘાંચી રહે. એ જેવો લોભિયો એવો જ
ર્ષાળુ. એને આ મસ્ત કુંભારની ઈર્ષા બાળ્યા જ કરે. એક દિવસ ઘાંચીએ નમાજમાં પ્રાર્થના કરીઃ "ખુદા!
ુંભારના આ ગધેડાને ઉપાડી લે તો જ એની અકડાઇ ઓછી થાય." બીજે જ દિવસે એની પ્રાર્થના ફળી!
ાંચીનો બળદ જ મરી ગયો

ઘાંચીએ ખુદાની અજ્ઞાનતા પર અફસોસ કરતાં પોતાની પત્નીને કહ્યુંઃ "ખુદા આટલા દિવસથી ખુદાઈ
ે છે પણ ગધેડા કે બળદને એ ઓળખી શકતો નથી. મેં ગધેડા માટે કહ્યું ત્યારે એણે બળદ માર્યો."

– ચિત્રભાનુ

વર્ષ ૬ : અંક ૫ : નવેમ્બર

# ❋ માનવતાનાં ઓસરતાં પાણી ❋

તા. ૧૧-૧૦-૬૯ શનિવારે સવારે એંશીવર્ષના વયોવૃદ્ધ ગુજરાતના મૂક સેવક શ્રી રવિશંકર દાદા કોટ ઉપાશ્રયના ત્રણ માળ ચઢીને પૂ. ગુરુદેવના દર્શનાર્થે આવ્યા.

ગુજરાતમાં બનેલ કરુણ બનાવો વિષે જણાવતાં દાદાએ કહ્યું: હું જાતે જઈ આવ્યો અને ત્યાં જે બન્યું તે જોતાં ઘડીભર એમ જ થયું કે માણસની માણસાઈ ક્યાં અદૃશ્ય થઈ ગઈ! માણસો જીવનમાં આગળ વધ્યા કે બે ડગલાં પાછા ગયા? કાંઇક રસ્તો બતાવશો?

પૂ. ગુરુદેવે જણાવ્યું: નેતાઓ ચૂંટણીનો સમય આવતાં પ્રજા પાસેથી વૉટ એકઠા કરવા માટે ધર્મ-વાદનો, પ્રાંતવાદનો, જાતિવાદનો ઉપયોગ કરે છે અને પ્રજાના માનસમાં વાદના બીજ વાવે છે, પ્રજાને ઉશ્કેરે છે. ઉશ્કેરાટમાં પ્રજા વૉટ તો આપી દે છે પણ એ વિષનાં બીજ ધીરે ધીરે સમય જતાં વૃક્ષ બને છે અને માનવી માનવતા ભૂલી ઝનૂની (fanatic) બને છે. નેતાઓ પ્રજાના મનમાં આવાં બીજ ન વાવતાં પોતાનામાં રહેલી સચ્ચાઇ, પ્રામાણિકતા અને સેવાની સુવાસથી પ્રજાનું દિલ શા માટે નથી જીતતા?

અહિંસાને વરેલા દેશમાં હિંસા એ દુઃખજનક છે.

ગાંધીજીના સિદ્ધાંતોની વિચારણા કરતા પૂ. દાદા બોલ્યા: બાપુની આગળ સત્યનો પ્રકાશ હતો અને પડખે અહિંસા હતી. ત્યારે પૂ. ગુરુદેવે એ જ વાક્ય પર ભાર આપતાં કહ્યું: સત્યનો ભોમિયો અને અહિંસા એમની સહચરી. આ નેતાઓના જીવનપથમાં હોત તો આ દિવસ જોવાનો વારો ન આવત.

અંતમાં પૂ. ગુરુદેવના આશીર્વાદ લેતાં દાદાએ જણાવ્યું કે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધનાં પવિત્ર પગલાંથી પાવન થયેલી રાજગૃહીમાં મળનારા સર્વોદય સંમેલનમાં તેઓ પૂ. વિનોબા ભાવે તથા શ્રી જયપ્રકાશ નારાયણને મળવાના છે ત્યાં આ અંગે વધુ વિચારણા કરશે.

* * *

લોકસભાના ધારાસભ્ય શ્રી જયોર્જ ફરનાન્ડીસ તેમના અન્ય સાથીદારો સાથે પૂ. ગુરુદેવના દર્શનાર્થે આવ્યા.

ગુજરાતની કરુણ પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ગુજરાતમાં કાળો કેર વરતી ગયો માણસાઇનો દીવો ઓલવાઈ જતાં માણસ કેવો વિકરાળ બની જાય છે! ત્યાં બનેલા બનાવોને યાદ કરતાં પણ મારા શરીરમાં કંપારી છૂટે છે. આવું બધું કેમ બન્યું? ભવિષ્યમાં આવા દુઃખદ બનાવો ફરીથી આવું ભયંકર સ્વરૂપ ન લે એ માટે શું કરવું?

પૂ. ગુરુદેવે કહ્યુ: માનવી જે દેશમાં વસવાટ કરે એ દેશના એણે હૃદયથી સાચા નાગરિક બનવાનું છે. સહકાર સ્થાનિક રાજ્યનો ઈચ્છવો અને વફાદારી બીજાની રાખે નહિ ચાલે.

પ્રજા તો સ્વરાષ્ટ્રનું બાળક છે. રાષ્ટ્રમાં વિશ્વાસ અને આદર હોય તો રાષ્ટ્રરૂપી પિતા બાળકનું પોષણ અને રક્ષણ કરે છે.

National Spirit અને One Nationની ભાવના જાગશે તોજ શાંતિ પ્રસરશે. જ્યાં શાંતિ છે ત્યાં જ પ્રગતિ છે.

વળી ધર્મના નામે હિંદુ મુસ્લિમ વચ્ચે ઊભી થતી દીવાલો ઈચ્છનીય નથી. સાચો ધર્મ માનવ મનને સંકુચિત નથી કરતો પણ કદાગ્રહની દીવાલોને તોડીને પરમ બંધુતા અને મૈત્રી પ્રતિ લઈ જાય છે.

અંતમાં વસ્તુપાળ તેજપાળનો દાખલો આપતાં પૂ. ગુરુદેવે જણાવ્યું કે વર્ષો પહેલાંની આ ઐતિહાસિક સત્ય વાત છે. વસ્તુપાળ તેજપાળનું મન કેટલું વિશાળ હશે કે એમણે મંદિર જ નહિ ખંભાતમાં મસ્જિદનો પણ જિર્ણોદ્ધાર કરાવ્યો હતો.

જ્યારે જ્યારે પણ પ્રસંગ મળે ત્યારે ઇતિહાસમાં બનેલા આવા સહિષ્ણુતા અને કોમી એકતાના બનાવો વીણી વીણીને પ્રજાની સમક્ષ મૂકવામાં આવે તો પ્રજા એમાંથી પ્રેરણા મેળવે, હિંદુ મુસ્લિમ વચ્ચેનો ભાઇચારો પણ વધે અને કોમવાદનું જે મનમાં ઝેર સંચિત થયું છે તે નષ્ટ થાય.

પૂ. ગુરુદેવના માર્ગદર્શન માટે આભાર માનતાં અને પૂ. ગુરુદેવનો આશીર્વાદ લેતાં શ્રી ફરનાન્ડીસે જણાવ્યું કે આપના વિચારો વધુ ચિન્તન માગે છે તો અમે આપનું સાન્નિધ્ય ફરીથી સાધીશું.

– કુ. વત્સલા અમીન

# જ્ઞાનસાર

પ્રવચનકાર : પૂ. ચિત્રભાનુ મહારાજશ્રી

## મગ્નાષ્ટક (૨)

यस्यज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।
विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥

શરીર પાણીમાં તરે અને સ્વચ્છ થાય એમ એમ મન જ્ઞાનમાં તરે અને નિર્મળ થાય. જેનાં તન અને મન ચોખ્ખાં એ આનંદ સિવાય બીજું શું અનુભવે? એના જીવનમાં આનંદ વિના બીજું દર્શન પણ શાનું હોય? પણ જ્યાં એમાંથી એક મલિન થયું ત્યાં રસભર્યું જીવન નિરસ બની જાય છે.

માણસને અમર બનાવે એવો સુધાનો સિન્ધુ તે જ્ઞાન છે, જ્ઞાન અમૃતનો સાગર છે.

જ્ઞાન એટલે શું? જ્ઞાન કોને કહેવાય? શું પુસ્તકોનું જ્ઞાન, શાળા કે કૉલેજમાં મળતું જ્ઞાન એ 'જ્ઞાન' છે? ના. એ તો એક જાતનો સંગ્રહ છે, વસ્તુ વિષે ભેગી કરેલી માહિતી કે વિગતો છે, accumulation of details છે.

'હું કોણ છું?' અને 'આ દેહ શું છે?' એ બે માટે જે વિચાર કરાવી શકે અને એ બે ને જુદા પડાવી શકે એ શકિત તે જ્ઞાન છે.

બંગાળની આ વાત છે. એક માણસ ખૂબ ભણ્યો, લેખક થયો, ખ્યાતિ અને પ્રસિદ્ધિ પણ મેળવી; પણ મનની શાંતિ નહિ. એ પ્રભુના દ્વારે ગયો અને પ્રાર્થના કરી:

'અબ મોરી જ્ઞાનકી ગઠરી ઉતારો.'

હે પ્રભુ! આ જ્ઞાનનો ભાર મારા માથેથી ઉતારી નાખ. ગાંઠો મારી મારીને બાંધેલું જ્ઞાનનું મોટું પોટલું હું વેઠિયાની માફક ઉપાડી ઉપાડીને ફર્યા કરું છું, એના ભારથી હું લદાઈ ગયો છું, વાંકો વળી ગયો છું. હવે એને મારા માથા ઉપરથી ઉતાર અને મને તાર.

ભગવાન આગળ જ્ઞાનની માગણી કે જ્ઞાન-માંથી છૂટવાની માગણી? આ તે કેવી માગણી?

જે જ્ઞાન ભારરૂપ લાગે એ જ્ઞાન 'જ્ઞાન' નથી, જ્ઞાનસારનું જ્ઞાન એવું નથી.

જ્ઞાન વડે કર્મમાંથી મુકત બની જીવે હળવા બનવાનું છે. જ્ઞાનના જ ભાર નીચે દબાઇને ભારથી મરવાનું નથી.

સવારના પહોરમાં છાપાં લઈને બેસનારા શું કરે છે? આખા ગામમાં શું બની રહ્યું છે એની વિગતો ભેગી કરે છે. પણ એ જ્ઞાન નથી.

જે સ્વને અને પરને, ચૈતન્યને અને જડને, શાશ્વતને અને અશાશ્વતને, સત્‌ને અને અસત્‌ને, અમૃતને અને મૃતને જુદાં પાડે, આ દ્વન્દ્વનો જે વિવેક કરાવે તે જ સાચું જ્ઞાન છે.

ઉપરછલ્લું જ્ઞાન નહિ ચાલે, જ્ઞાનરૂપી અમૃત સાગરમાં ડૂબકી મારી એને તળિયે જવાનું છે. જેટલા ઊંડા જશો એટલી મજા જૂદી આવશે. એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું, એમ એક પછી એક વાતો સમજાતી જશે, અજ્ઞાનના પડળ ખસતાં જશે અને ઊંડાણભર્યું ચિંતન વધતું જશે.

હા, એવું બને કે તમને જડ અને ચૈતન્યની વાત ન પણ સમજાય. કદાચ સમજાય તો મનમાં ઊતરે નહિ. મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે : જડ અને ચેતનને જુદા પાડવાની વાત કરો છો પણ જડની મદદથી તો રોજ જીવવાનું છે. આ શરીર, આ વાસના, આ વૃત્તિઓ અને આ ઇન્દ્રિયો; એ બધાં વિના કેમ જીવી શકાય?

આ બધાં વિના જીવી શકાય એમ નથી એ એક વિચારશ્રેણી છે. પણ એનામાં જ જીવવું

એ જૂદી જ વિચારશ્રેણી છે. બન્ને વચ્ચે ઘણું અંતર છે.

જરૂરિયાતને જરૂરિયાત તરીકે સ્વીકારો પણ એનામાં ગુંથાઇ ન જાઓ, એને જ જીવનનું ધ્યેય ન સમજી બેસો.

માટે જ જ્ઞાનના મહાસાગરમાં જેમ જેમ ઊંડા ઉતરશો તેમ તેમ વસ્તુનું નવ નવું દર્શન થતું જશે. દશ્ય અને દ્રષ્ટાને જૂદા પાડવાની દિવ્ય શકિત પ્રાપ્ત થતી જશે.

આ એક શકિત છે, દૃષ્ટિ છે. સાધના અને અનુભવથી મળે છે, સસ્તામાં રસ્તામાં નથી મળતી.

એકવાર એક સજ્જનને ત્યાં પગલાં કરવા ગયો. પ્રવૃત્તિ વિષે પૂછતાં ભાઇએ પોતાની પત્નીને ડબ્બાઓ લાવવા કહ્યું ડબ્બાઓ (boxes) આવ્યા, ખોલ્યા તો બધા હીરાના દાગીનાના સેટ. થોડીવારે બીજા ડબાઓ આવ્યા, એમાં પણ એવા જ દાગીના, એવો જ ચળકાટ.

એ ભાઇએ હસીને પૂછયું : "મહારાજશ્રી ! આની કિંમત આશરે કેટલી હશે એ તો કહો ? કહ્યું : 'પચાસેક હજારનો એક સેટ હશે !' ભાઇ હસી પડ્યા. 'મહારાજશ્રી ! હું તો આખું બૉકસ એકવીસમાં વેચું છું અને તેમાં પણ મને સાતનો નફો મળે."

ત્યારે સમજાયું કે આ સાચા હીરા નહોતા. આ તો બધી costume jewelery હતી. દાગીનાં ખરાં, પણ ખોટાં.

આપણને તો બધું જ સાચું દેખાય. ચમકે તે બધું હીરા જ લાગે, કારણ કે સમજ નથીઃ સાચો હીરો કયો અને ખોટો કયો ?

આંખ બધાને છે. તમારી આંખ કદાચ ઝીણું જોતી હોય, દૂરનું પણ જોતી હોય જ્યારે ઝવેરીની આંખ એટલું સારું ન પણ જોઈ શકતી હોય છતાં ઝવેરીની આંખ જે કહી શકે છે એ તમારી આંખ નથી કહી શકતી. કારણ શું ?

ઝવેરીનો અભ્યાસ છે, એનું એણે જ્ઞાન મેળવ્યું છે, વર્ષોની સાધના છે. હીરાને તપાસવામાં, એક બીજાને જૂદા પાડવામા, એમાં રહેલાં કિરણ અને તેજ પારખવામાં, એમાં રહેલું સચ્ચાઇનું પાણી જોવામાં એની વર્ષોની સાધના છે.

જેને હીરામાં નજર બેસી ગઇ એ ઉંમરે નાનો હોય તો પણ એને પૂછતા પૂછતા મોટી ઉંમરના ઝવેરીઓ આવે.

પથરા પારખવા માટે આટલા વર્ષો કાઢ્યાં તો આત્મા માટે કાંઈ નહિ ? શું આત્માનું જ્ઞાન એમનું એમ થઈ જવાનું ?

સાધુને વિનંતિ કરી, ચાતુર્માસ પ્રવેશ કરાવ્યો, સગવડે વ્યાખ્યાનમાં આવ્યા, બેઠા, ઊઠયા અને ભાગ્યા. એટલામાં આત્મજ્ઞાન મળી ગયું ?

ઘણા તો કહે કે મહારાજશ્રી ! અમે તો આજ પંદર વર્ષથી મંદિરનો વહીવટ કરતા આવ્યા છીએ. અરે, ભાઇ ! મંદિરના વહીવટને અને આત્માને શું સંબંધ ? વહીવટ તો મુનીમ પણ કરી શકે.

આત્માનો સંબંધ અનુભવ સાથે છે, દૃષ્ટિ સાથે છે, સાધના અને ઊંડાણ સાથે છે, જ્ઞાન સાથે છે.

જેમ જેમ ઊંડાણમાં જતા જાઓ છો તેમ તેમ આત્માની વાત સમજાય છે, આત્મજ્ઞાન થાય છે. ડૂબકી મારી તળિયે જનારને જ શાંતિ અને નિર્મળતા પ્રાપ્ત થાય છે.

જ્ઞાનરૂપી સુધા સિન્ધુમાં ડૂબકી મારવાની છે પણ એ જ્ઞાનનો સુધા સિન્ધુ કોને મળે ? જે પરબ્રહ્મમાં મગ્ન છે એને.

જેનાં કર્મ નષ્ટ થઈ ગયાં છે; જેનાં જન્મ-મરણના ફેરા ટળી ગયા છે, જેની પાસે દુનિયામાં ફરી આવવા માટે કર્મની રજમાત્ર પણ બાકી નથી રહી એવી મુકત અવસ્થા એ જ પરબ્રહ્મ અવસ્થા છે.

આત્માને નીચે લાવનારું તત્ત્વ, (gravitation) કોઇ હોય તો તે વાસના છે, કર્મ છે. નહિતર ઉપર જનારને નીચે કોણ લાવે?

જે કર્મમાંથી મુકત થયા, ઉપર ગયા એ પરબ્રહ્મ થયા.

એક ભાઇ રસ્તામાં ખાડો ખોદતા હતા. પૂછયું : "શું કરો છો?" કહે : "બગીચામાં નાનકડું સરોવર બનાવું છું." "પાણી કયાંથી લાવશો?" કહ્યું : "પાણી લાવવું નહિ પડે, આવી જશે. ખાડો ખોદી રાખું, પાળ બાંધી રાખું, પછી ચોમાસું બેસશે એટલે પાણી લાવવું નહિ પડે; એની મેળે આવી જશે અને ભરાઈ જશે."

વાત સાચી છે. જ્યાં ખાડો હોય, ત્યાં વર્ષા વરસે અને ખાડો પાણીથી એની મેળે ભરાઇ જાય.

જેમ જેમ કર્મ કાઢતા જાઓ, આવરણ દૂર કરતા જાઓ તેમ તેમ અંદરથી ઉઘાડ થતો જાય. કર્મને કાઢી નાખો એટલે જ્ઞાનને લાવવું નથી પડતું, એ ત્યાં જ બિરાજમાન છે.

જેટલી વાસના વધારે, જેટલો ક્રોધ અને આવેશ વધારે એટલી તમારી સ્મૃતિ ઓછી થવાની.

તમારા મગજને નુકશાન કરતું હોય તો બીજું કોઇ નથી, તમે પોતે જ છો. તમારા જેટલું નુકશાન તમારા સિવાય તમને કોઈ નથી કરતું.

ટેપ રેકોર્ડર પણ આઠ કલાક ચાલે, ગરમ થાય પછી ટેપ બરાબર નથી ઊતરતી. મશીન ઠંડુ થાય પછી જ બરાબર કામ આપે.

તો શું આ મગજ ટેપ રેકોર્ડર કરતાં પણ ઊતરતું છે? એને ઠંડુ નહિ કરવાનું?

લોકો મગજ ગરમ રાખે અને ધમકી આપે "મને બહુ છેડશો નહિ, મારું મગજ ગરમ થઇ ગયું છે."

જાણે કોઈ અદ્દ્ભુત કામ કરી નાખ્યું! અલ્યા ભાઈ, તારી ટેપ સળગી જશે તો નુકશાન તને જ થશે.

જે પોતાના મગજને કષાયોથી ગરમ કરે છે એનાં મન અને સ્મૃતિ ઉપર બહુ ખરાબ અસર થાય છે. એની સ્મરણશકિતને પુનર્જીવિત કરવા માટે કોઇ દવા નથી, કોઇ ઉપાય નથી.

દુનિયા ભલે ગરમ થાય પણ તમે ગરમ ન થશો. તમારું મગજ ઠંડુ રાખો. થઇ થઇને શું થવાનું છે? જઈ જઇને શું જવાનું છે? કાંઈ જવાનુ નથી, કાંઈ રહેવાનું નથી. અલબત્ત સમયમાં થોડો ફેર પડશે પણ એના કરતાં મગજ ગરમ થવાથી, મનની શાંતિ ગુમાવવાથી જે ફેર પડશે એ બહુ મોટો અને નુકશાનકારક બનશે.

ઘરમાં કે સંસારમાં ગમે તેટલું નુકશાન થાય એને પહોંચી વળાશે પણ મગજને જે નુકશાન થશે તેને નહિ પહોંચી વળાય.

મગજ આપણું છે એ ન ભૂલશો.

ભાઈ કહે : "મહારાજશ્રી! હવે મને યાદ રહેતું નથી. શું કરું?" હું પૂછું : "તારા મગજને તેં બગાડી નાખ્યું ત્યારે પૂછવા આવ્યો હતો કે હું શું કરું?" યાદશકિતનો પ્રશ્ન જ કયાં છે? ઘણી વાતો યાદ રહેતી નથી એનું કારણ કષાયો છે.

ક્રોધના આવેશમાં, રાડો નાખીને, દીવાલ સાથે માથાં પછાડવાથી શું અક્કલ આવવાની?

આપણાં જ્ઞાનતંતુ બહુ નાજુક છે. શાસ્ત્રોની વાતને આજના વિજ્ઞાન સાથે મેળવીએ ત્યારે સત્યની પ્રતીતિ દૃઢ થાય અને શ્રદ્ધામાં સત્યનો સમજણનો પ્રકાશ આવે.

જ્ઞાનનાં તંતુઓ વાળ જેટલા બારીક છે, એ અસંખ્ય છે. એ નસો કેટલું બધું યાદ રાખે છે એ તો વિચારો ?

આપણને આ અદ્ભુત ભેટ મળી છે. સ્મરણમાં જ્યારે જે જોઇએ ત્યારે તે હાજર.

પાંત્રીસ વર્ષ પહેલાં વાંચેલી વાત અહીં બેઠા યાદ આવે. જે વાત પાંત્રીસ વર્ષમાં સંભાળી પણ નહોતી એ કેવી રીતે અને ક્યાંથી યાદ આવી ?

મગજમાં અંદર કેવી સુંદર વ્યવસ્થા છે! શું આ વ્યવસ્થાને કષાયોથી બગાડી નાખશો કે પછી જ્ઞાનના સુધાસિન્ધુ એવા પરબ્રહ્મમાં મગ્ન બની એને સજાગ કરશો?

જ્ઞાનના સુધાસિન્ધુ એવા પરમાત્મામાં જેની મગ્નતા થઇ, કર્મો ખપાવીને બેઠેલા સિદ્ધો સાથે જેની એકરૂપતા થઈ એને કહો: 'તું વિષયોમાં ચાલ, ઝઘડા અને કલેશમાં ભાગ લે, વાદવિવાદ કર' તો શું કહેશે ?

'ભાઇ, હું અમૃત પીતો હતો ત્યાં તું ઝેરની પ્યાલી ક્યાં લઇ આવ્યો ?

એને આ બધું ઝેર બરાબર લાગે છે.

સંજોગોવશાત્ કદાચ એ એવા ટોળામાં ભરાઈ જાય પણ એનું મન માને નહિ. થાય કે હું અહીંથી ક્યારે નીકળું ? આમાંથી ક્યારે છૂટું ?

જેની દૃષ્ટિ બદલાઈ એને તો આ વિષયો, આ પ્રલોભનો, આ બહારનો ભભકો, આંખોને આંજી નાખે એવો આ પરિગ્રહ ભયંકરમાં ભયંકર, હલાહલ ઝેર જેવો લાગે.

એ દુનિયામાં જીવે પણ એની જીવન-પદ્ધતિમાં સાક્ષી ભાવ જ રહે, એનું ચૈતન્ય તો જ્ઞાનના સુધાસાગર એવા પરમાત્મામાં જ મગ્ન હોય. ❋

## મગ્નાષ્ટક (૩)

स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥

શઢ વગરની નાવ, હોકાયંત્ર વગરની નૌકા આમથી તેમ ગતિ કરતી દેખાય, ચક્કરો જરૂર મારે પણ ધ્યેયના કિનારે ન પહોંચે. પણ જેને ચોક્કસ દિશાએ પહોંચવા માટેનું ધ્યેય છે, જેની પાસે સુકાન કે હોકાયંત્ર છે એ જ પોતાના મુકામે પહોંચે છે.

તો શું આ જીવન નાવને કોઈ ધ્યેય જ ન હોય?

કોઇ પૂછે : શા માટે આ બધું કરો છો ? ઉત્તર નથી. શા માટે ખાઓ છો ? જવાબ નથી.

કદીક કોઈ કહે : 'જીવવા માટે ખાઇએ છીએ.' 'શા માટે જીવો છો ?' 'જીવવા માટે જીવીએ છીએ.'

We live, because we cannot die. મરી શકતા નથી એટલે જીવીએ છીએ.

શું તમે મરણની વાટ જોઇને બેઠા છો? જે મરણની વાટ જોઇને બેઠો હોય એ તો જીવતો મરેલા જેવો છે. જેમ મડદું ગંધાય એમ એના વિચારો ગંધાય. જે પોતાના માટે નુકશાનકારક છે એ સમાજ માટે પણ નુકશાનકારક કેમ ન બને ?

ધર્મ તો કહે છે : તમે મર્યા પછી પણ જીવતા રહો.

પવિત્ર આત્માઓના નામનો પડહ તો દુનિયામાં આજ પણ વાગી રહ્યો છે. સૂર્યોદય

પહેલાં એમનું સ્મરણ કરીએ છીએ. સૂર્યનો પ્રકાશ દુનિયામાં આવે તે પહેલાં એમનાં પુણ્યનો પ્રકાશ હૃદયમાં આવે છે.

કોઈક ઉદ્દેશ માટે, કાઇ હેતુ સિદ્ધ કરવા માટે, કોઇ ધ્યેય તરફ પહોંચવા માટે આ દુનિયામાં આવ્યા છીએ. મોડું ભલે થાય પણ ધ્યેયને પામવાનું છે.

ઉતાવળા જઈને ખાડામાં પડવા કરતાં ધીમા ધીમા પણ શિખરે પહોંચવાનું છે પણ પહોંચવું છે — ધ્યેય નક્કી છે.

સ્વભાવની મગ્નતા જીવનમાં સાચો દૃષ્ટિકોણ લાવે છે. ઉપયોગ બધાનો કરો પણ એમાં અટવાઈ ન જાઓ, સાધનનો સ્વીકાર કરો પણ સાધ્ય તરફનું લક્ષ ગુમાવી સાધનને મહત્ત્વ ન આપો.

અહિ સાધન વિના જીવાય એમ નથી છતાં સાધનને વળગવાની ના પાડે છે. તો જીવવું કેમ? શું નિષ્ક્રિય બની જવું?

જીવનમાં સમજ વિનાની નકારાત્મક દૃષ્ટિ આવે તે ખાવા તૈયાર હોય પણ કામ કરવાનું કહો તો કહે 'મેં તો બધો ત્યાગ કર્યો છે. હું એ બધી, આરંભ સમારંભની માથાફોડમાં પડતો નથી.'

ઘરમાં પુત્રવધુ પ્રસૂતિની વેદના સહન કરતી હોય ત્યારે સાસુ કહે કે સુવાવડમાં કામ ન કરવાની બાધા લીધી છે પણ પ્રસૂતિ પછી વહુ સાસુની સેવા ન કરે તો કહે: તું મારી સેવા કેમ નથી કરતી? સમયસર ગરમ રસોઇ કેમ પીરસતી નથી?

ધર્મને પોતાની સગવડ માટેનું સાધન નથી બનાવવાનું.

શાસ્ત્રો જીવનને નિષ્ક્રિય બનાવવા માટે નથી પણ જીવનને પૌદગલિક આસકિતઓમાંથી મુકત કરવા માટે છે.

જ્યાં સમજ આવી પછી કોઈનો આશ્રય લઈને નહિ પણ અંદરનાને પૂછીને જ કામ કરે. પ્રજ્ઞાનો ઉઘાડ થતાં જીવન જીવવાની મજા કોઈ જૂદી જ આવે.

ઘણાં વર્ષો બહારની સમજણ મેળવવામાં કાઢ્યાં તો હવે થોડાં વર્ષો પણ અંદરના તત્ત્વને સમજવા માટે નહિ કાઢો?

આ તત્ત્વ જડતાં આત્મા સ્વભાવનાં સુખમાં મગ્ન રહે છે.

જગતમાં મુખ્ય તત્ત્વો બે છે. જીવ અને અજીવ.

પોતાના પ્રિયજનના સુખમાં આનન્દ અને દુઃખમાં શોક થાય તેમ લીલોતરી અને પુષ્પનાં સુખદુઃખમાં પણ પોતાને સુખદુઃખની સંવેદના થાય.

સૃષ્ટિમાં જીવનો અનુભવ થયો તેને માણસને ગાળ દેતા પહેલાં પણ એનામાં જીવ દેખાય. સ્તુતિ કરતાં પણ જીવ દેખાય અને નિંદા કરતાં પણ જીવ દેખાય.

પણ ઘણાને લીલોતરીમાં જીવ દેખાય પણ માણસમાં જીવ ન દેખાય. વાત કરે તો દાંત કચકચાવીને કરે.

જેને વનસ્પતિમાં જીવ દેખાય એને માણસમાં તો જીવ દેખાવવો જોઇએ ને?

માણસમાં જીવ દેખાય એનું વર્તન, એના ભાવો કેવા અદ્દભુત હોય!

જેમ જેમ જગતમાં તત્ત્વોનું અવલોકન કરતા જાઓ તેમ તેમ તમારામાં વ્યાપક દૃષ્ટિ આવતી જશે.

કોઈ પૂછે: જૈન કોણ? કહેજો: જે સ્યાદવાદના દૂરબીન વડે દૂરનું પણ જોઈ શકે છે એવી વ્યાપક વિશાળ દૃષ્ટિકોણવાળો આત્મા. જેનામાં ટૂંકી દૃષ્ટિ કે સંકુચિતતા આવી એ જૈન મટી ગયો.

એવો માણસ બીજા સાથે લઢી જ કેમ શકે? કહે: તમારી પણ એક વાત છે, તમે કહેવા માગો છો, તો લાવો, અમે પણ તમને સાંભળી સમજવા પ્રયત્ન કરીએ.

જેણે નક્કી કરી નાખ્યું કે આ બાબતમાં બીજા વિચારને અવકાશ જ નથી. એ જૈન મટી ગયો. જ્યાં પદાર્થનાં વિવિધ પાસાં ન જોવાય ત્યાં જૈનત્વ રહેતું નથી.

જૈનત્વ કહે છે : બાંધછોડ કરો, કારણ કે જીંદગી એ ગાંઠ નથી, એ તો એક સીધી સરળ વસ્તુ છે. જેટલી તમારામાં બાંધછોડ કરવાની શકિત આવતી જાય એટલું તમારું જગતતત્વનું અવલોકન સુંદર થતું જાય.

જગતના તત્વોને વિશાળતાની દષ્ટિથી જોનારના હૃદયમાં સહુ પ્રત્યે કરુણાનો સ્રોત વહે છે.

બીજાનું દુઃખ જોઇને તમારા મનમાં થાય આ પણ એક જીવ છે. જેવી રીતે હું આવેશોને વશ બની જાઉં છું એમ આ જીવ પણ આવેશોને વશ બની ગયો છે. એની ભૂલો પ્રત્યે કરુણા, ઉદારદષ્ટિ અને ક્ષમા વર્ષે.

જગદીશચંદ્ર બોઝ જેમણે પ્રયોગો દ્વારા જગતને સિદ્ધ કરી આપ્યું કે વનસ્પતિમાં પણ આપણા જેવી જ એક સુષુપ્ત ચેતના પડી છે, એમના જીવનની આ વાત છે.

શરૂઆતમાં જ એમને નોકરી મળતાં જગદીશચન્દ્રે માગણી કરી 'તમારે ત્યાં અંગ્રેજ માણસોને જે પગાર મળે છે એટલો જ પગાર મને ય મળવો જોઇએ.' ઉપરીએ કહ્યું: અંગ્રેજોમાં અને હિન્દુસ્તાનીઓમાં ફેર રહેવો જોઇએ.

જ્ઞાન, ડિગ્રી કે અભ્યાસનો ફેર નહિ પણ ચામડીના રંગનો ફેર.

જગદીશચન્દ્ર પોતાના નિર્ણયમાં અફર રહ્યા. કહ્યું: હું કામ જરૂર કરીશ, પણ જ્યાં સુધી તમે ન્યાય નહિ કરો ત્યાં સુધી મારે પગાર નથી જોઇતો.

સચ્ચાઈ અને એકાગ્રતાથી કામ કરતાં કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં. પગાર ચઢતો ગયો. ત્રણ વર્ષે ઉપરીની આંખ ખૂલી અને અંગ્રેજો જેટલો પગાર આપ્યો.

પગાર લઇને ઘરે જતાં જતાં જગદીશચન્દ્રને વિચાર આવ્યો: મારા પિતાએ લોકો પાસેથી રૂપિયા ઉધાર લઇને, દેવું કરીને મને ભણાવ્યો તો પિતાના દેવામાંથી મુકત થવાની મારી ફરજ નથી? હા, ઘરમાં સ્થિતિ સામાન્ય છે, પણ રકમ મોટી મળી છે. એનાથી લેણદારોનું દેવું કેમ ન ચૂકવું?

રસ્તામાં બે મિત્રો મળ્યા, મિત્રોને મનની વાત કરી.

જગદીશચન્દ્રનો આનંદ જોઈ મિત્રોને નવાઈ લાગી. બે ઘડી વિચાર કરીને હસી પડ્યા.

'તું કેવી ગાંડા જેવી વાત કરે છે. ત્રણ વર્ષ વીતી ગયાં, હવે લેણદારો તારી સામે કોઈ જ પગલાં લઈ શકવાનાં નથી. હવે કોર્ટમાં પણ એ કંઈ કરી શકે તેમ નથી. તારે આપવું હોય તો ચાર–છ આના આપજે પણ તે અત્યારે નહિ. તારી જરૂરિયાતનો વિચાર કરી, થોડું ભેગું થાય પછી વિચારી જોજે. થોડોક વ્યવહાર કુશળ બન.'

ધર્મને મરડીને ખિસ્સામાં મૂકવો હોય તો આ 'વ્યવહાર કુશળ' technical શબ્દ કામ લાગે છે. આત્માના અવાજને રૂંધી નાખવો હોય તો એ શબ્દ રામબાણ જેવો છે. માણસો 'વ્યવહાર'ના નામે, ધર્મને, વિચારોને અને અવાજને બાજુમાં મૂકી દે છે.

પણ માનવીના જીવનનું મંડાણ સિદ્ધાંતો ઉપર જ છે. સિદ્ધાંત નથી ત્યાં માણસ 'માણસ' નથી.

લગ્નમાં કે વ્યાપારમાં ઓછામાં ઓછા થોડાક નિયમો તો હોવા જોઈએ ને? 'સંસારમાં છું તો સાવધ રહું. અગ્નિની સાક્ષીએ જેને હું પરણેલો છું એના સિવાય મન વચન અને કાયાથી બધી જ સ્ત્રીઓને માતા, બહેન અને પુત્રી સમાન ગણીશ.' આવો સ્વદારાસંતોષનો સિદ્ધાંત ગૃહસ્થના વિચારોમાં હોય.

બધે જ નજર અને મન ફર્યા કરે, વિચારોમાં સ્થિર ન હોય એ તો પશુ છે. અરે, પશુ પણ આવું ન કરે.

'કમાણી કરીશ પણ નીતિનો જ પૈસો લઈશ, અમુક રીતે મેળવીશ અને અમુક રીતે વાપરીશ.' કમાણી ઉપર મર્યાદા અને નફા ઉપર પણ મર્યાદા.

વિશાળ સાગરને પણ ક્યાંક તો પાળ છે. ખુલ્લો અને તોફાની દરિયો પણ ચોપાટીની રેતી આગળ આવે છે અને રોકાઈ જાય છે.

તોફાનની મુક્તતાને પણ મર્યાદા છે.

મિત્રોની શીખ સાંભળી જગદીશચન્દ્રે હસીને કહ્યું : દુનિયાની કોર્ટ આગળ એ લાચાર છે એ હું જાણું છું, પણ મારી અંદર એક કોર્ટ છે જેનાથી હું ડરું છું.

દુનિયાની કોર્ટમાં હારેલા ચોર સજા ભોગવીને મસ્તીથી બહાર આવે છે પણ અંદરની કોર્ટમાં હારેલા માણસનું માથું ઝૂકી જ જાય છે.

દુનિયાનો ન્યાયાધીશ ન્યાય કરે છે ત્યારે અંદર બેઠેલો જૂદો જ વિચાર કરતો હોય છે પણ જ્યારે અંદર બેઠેલો ન્યાય કરે છે ત્યારે એની ચોટ કોઈ જૂદી જ હોય છે.

એક બહાર છે, બીજી અંદર છે; એક જીતી શકાય છે જ્યારે બીજી આગળ હાર કબૂલ કરવી પડે છે. માણસ સૂએ છે ત્યારે પણ બીજી કોર્ટ, અંદરની કોર્ટ તો જાગે જ છે અને એની અંદર જ માણસને જીવવાનું છે.

કરુણાભીની આંખે જગદીશચન્દ્રે કહ્યું: જે વનસ્પતિમાં જીવ જૂએ છે એ શું લેણદારોમાં જીવ નહિ જૂએ?

જેણે આપણને પોતાના માનીને રૂપિયા આપ્યા, આપણી જરૂરિયાત જોઈને આપણામાં વિશ્વાસ મૂકીને આપ્યા એને ચૂકવવાનું કામ તો સહુથી પહેલું છે.

લેતી વખતે એટલી ગરજ તો દેતી વખતે આવી ઉદાસીનતા!

આ પ્રશ્ન કોના મનમાં ઉદ્ભવે છે? જે વિચારક છે, જે sensitive છે એ જ અંદરના નાનકડા અવાજને ઝીલી શકે છે. તમને સંવેદક બનાવે તે જ તો ધર્મ છે. એ તમને અંદરના સ્પર્શનું સંવેદન અને અંદરના પ્રકાશની ઝાંખી કરાવે છે.

જીવનની સાફલ્યતા આ ઝાંખી કરવામાં જ છે. જેને અંદરની ઝાંખી થઈ, હૃદયનો સ્પર્શ થયો એનો જીવનપંથ પ્રકાશપ્રતિ છે. ધર્મ અંદરને અંદર એને ઘડતો જાય છે.

ધર્મી વ્યવહારથી નિરપેક્ષ નથી બનતો પણ સાપેક્ષ બને છે. આત્માની વાતો કરનાર દુનિયા પ્રત્યે બેદરકારી કે ધિક્કાર લઈને નહિ પણ કરુણાની સહાનુભૂતિ લઈને જાય છે.

એ જ્યાં જશે ત્યાં ચૈતન્યનું દર્શન કરશે. પુષ્પને કે પાંદડાઓને નહિ તોડે. જે ફૂલડાંઓ સુવાસ, શાંતિ, સૌંદર્ય અને સુખ આપે છે, એમને નકામા શું કરવાં હેરાન કરવા?

જેને ચૈતન્યનો સ્પર્શ થયો નથી એ તો આંગીના નામે વિવેક વિના હજારો અને લાખ્ખો ફૂલોનો કચ્ચરઘાણ કાઢી નાખે.

જગતના તત્વનું જ્ઞાન છે એ જ સ્વભાવ સુખમાં મગ્ન બને છે. જે પોતાના વિચારોને જ મહત્વ આપે અને બીજાના વિચારોને સમજવા માટે ધીરજ પણ ન રાખે એ સ્વભાવ સુખમાં કેવી રીતે મગ્ન બને ?

આત્માનો સ્વભાવ શું છે ? સંતોષમાં રહેવું, બીજાની અપેક્ષા ઓછી રાખવી, જરૂરિયાતો ઉપર બહુ નહિ જીવવું. નક્કી કરો કે આ વર્ષે નવાં સૂટ–બૂટ કે નવી સાડીઓ નથી ખરીદવાં. તો કબાટમાં ગોઠવવાની ચિંતા અને ધમાલ પણ ઓછી થાય.

જેને મૂકવા અને ગોઠવવા લોખંડનાં મોટા કબાટો જોઈએ, 'શું પહેરવું' એ પસંદ કરવાની મૂંઝવણમાં અડધો કલાક નીકળી જાય એ પણ એક નવું જ દુ:ખ છે ને ?

અરે ભાઇ, શરીર જ ઢાંકવું છે ને ? તો પછી આટલી બધી ઉપાધિ શા માટે ? તમારામાં તેજ હશે તો તમને બધું સારું લાગશે. માણસ એના તેજથી, પ્રભાવથી, વ્યકિતત્વથી ઓળખાય છે, માત્ર કપડાં અને બૂટથી નહિ ?

પણ જ્યાં સંગ્રહ છે, અપેક્ષા છે ત્યાં ખરચાનો કાંઈ હિસાબ નથી. પછી બીજાને આપવા એની પાસે બચત પણ કયાંથી ?

દૃષ્ટિકોણ બદલો. 'કપડાંનો જથ્થો ઓછો કરવો છે', નિર્ણય કર્યો તો વર્ષનો ખરીદી (shopping)નો ખરચો બચી જવાનો. જે બચ્યું તેમાંથી વિદ્યાર્થીની ફી ભરો, પુસ્તકો અપાવો, દર્દીઓને દવા અપાવો.

એ માટે દૂર કયાં જાઓ છો ? આસપાસ નજર ફેરવો, દુ:ખી સગાંઓને વીણી કાઢો, આસપાસના પાડોશીઓ પર નજર કરો. કેટલાય જરૂરિયાતવાળા તમારી નજરે પડશે.

ધર્મ આવતો જશે અને વ્યવહાર સુંદર બનતો જશે.

સ્વભાવના સુખમાં મગ્ન બનેલો વિચારશે: "બહારના ભાવમાં શું કરવું છે ? સ્વના સ્વભાવમાં હું સુખી બનું."

જ્યાં સ્વભાવના સુખમાં મગ્ન બની ગયો ત્યાં અપેક્ષા ઓછી.

આવો આત્મા પરના ભાવોનો, બીજાની વસ્તુઓનો પોતે કર્તા બનતો નથી, માત્ર સાક્ષી બને છે.

કર્તા અને સાક્ષીમાં ફેર છે. કર્તા બન્યા એટલે બધી જ જવાબદારીઓ તમારા માથે.

'હું' પણાંની, અહમ્‌ની વૃત્તિ જાગી એટલે દરેકને કહે: મારાથી તું સુખી થયો, મેં તને આટલી બધી મદદ કરી. કર્તાપણામાં 'હું' અને 'મારું' આ બે મુખ્ય ભાગ ભજવે છે.

કર્તા સામા પાસેથી અપેક્ષા રાખતો હોય છે.

'મેં આનું આટલું બધું કર્યું તો એણે મારું શું કર્યું !'

આ ઝગડો વધતો વધતો ઠેઠ ભગવાન સુધી જાય.

'હે ભગવાન ! મેં તમારા માટે દેરાસર બંધાવ્યું. આજે હું દુ:ખી છું ત્યારે તમે કાંઇ કરતા નથી, ચૂપચાપ બેઠા છો. તમારે માટે હું મરી ગયો, મેં કેટલું બધું કર્યું છતાં તમે મારી મદદે ન આવ્યા.' ભગવાનને પણ ઠપકો દે.

મહારાજ પાસે આવે, કહે: 'મહારાજ, તમારા માટે મેં કેટલું બધું કર્યું અને તમે અમારે માટે કાંઈ ન કર્યું. તમે અમને ભૂલી જ ગયા ?'

આનંદઘનજીના સમયની વાત છે. એક ગામમાં એક ધનવાન માણસ હતો. ઉપાશ્રયનો

બધો ખરચો એ આપતો, એ જ સાધુસંતોની ભક્તિ કરતો. જેટલું જોઈએ તે બધું આ એક જ માણસ આપતો એટલે સમાજને થતું કે ચાલો, માથા ઉપરનો ભાર burden ઓછો થયો.

ભાર ઓછો ન થયો પણ વધી ગયો. એક જ માણસનો ભાર બધા ઉપર આવ્યો. ઋણ obligtion જેવો ભાર દુનિયામાં કોઈ નથી. સમાજને એ નિષ્ક્રિય બનાવી દે છે.

માટે જ સહુ પાસે પાઇ પાઈ લેવી એ સારી વાત છે. સંઘની માલિકી એ કોઇ એક વ્યક્તિની માલિકી નથી.

આનંદઘનજીએ રાજસ્થાનના આ ગામમાં ચોમાસું કર્યું. આનંદઘનજી મહારાજ એ ગામમાં નવાનવા હતા.

પ્રવચનનો સમય થવા આવ્યો, ગામના બધા લોકો આવી ગયા હતા પણ શેઠનો પત્તો નહિ. બધાને થયું કે શેઠ આવ્યા નથી એટલે પ્રવચન શરૂ નહિ થાય. શેઠ આવશે ત્યારે પ્રવચન શરૂ થશે.

સમય થતાં આનંદઘનજીએ કહ્યું: ભાઇઓ, શેઠ આવે તો શું અને ન આવે તો પણ શું? હું તો મારું વ્યાખ્યાન નિશ્ચિત સમયે દેવાનો જ.

હિંમત જોઇએ છે. ગરીબોને નારાજ કરી શકાય પણ જેની પાસે શકિત હોય એને નારાજ કરવામાં બહુ મુશીબત છે. શેઠ નારાજ થાય તો મહારાજને પેસવા ન દે, બેસવા પણ ન દે. નારાજ થયેલ આગેવાન ધનિક વ્યકિત સંઘને સાંભળે જ નહિ, પોતાનું જ ધાર્યું કરે. બીજા સાધુને લાવે પણ પોતાના હાથમાં પ્યાદાની જેમ ન રમતા સાધુનો તો વારો જ ન આવવા દે.

માટે કાચો સાધુ આવાઓને જલદી નારાજ ન કરે. જે મસ્ત હોય, જેને કાંઇ પડી ન હોય તે જ હિંમત કરી શકે.

આનંદઘનજીએ પ્રવચન શરૂ કર્યું. થોડી વારે શેઠ આવ્યા, બેઠા, પણ મનમાં ડંખ લાગી ગયો. 'હું આવું તે પહેલાં પ્રવચન કેમ શરૂ થઈ જાય? દસ મિનિટ મોડું તો મોડું. એમાં કયાં ગાડી ઉપડી જવાની હતી? મહારાજને કયા મેલમાં જવાનું છે?'

મેલમાં જવાનો પ્રશ્ન નથી પણ જિંદગીની મિનિટે મિનિટ કિંમતી છે.

પ્રવચન પૂરું થયું. શેઠે આનંદઘનજીના પગ દાબતાં દાબતાં કહ્યું: 'થોડી કૃપા કરી, મારી રાહ જોઈ હોત તો સેવકને જ્ઞાનનો લાભ મળી જાત.' શેઠ આગળ વધ્યા: 'મહારાજ, આપ જાણો છો ને કે આ ઉપાશ્રય મારો છે, સર્વ પ્રકારની સગવડ અને વ્યવસ્થા હું કરું છું, છતાં આપે સેવક માટે થોડી પણ પ્રતીક્ષા ન કરી?'

આનંદઘનજી સમજી ગયા. આ પોતાને સેવક કહે છે પણ વાત તો શેઠની કરે છે. આનંદઘનજી શબ્દના સ્વામી હતા, શબ્દોમાં રહેતી મધુરતા અને કટુતાને એ જાણતા હતા. એમાં છુપાયેલા ભાવોને પણ જાણતા હતા.

શબ્દને જાણવો બહુ મુશ્કેલ છે. જેમ જેમ જ્ઞાનમાં આગળ વધતા જાઓ છો અને શબ્દની આરાધના કરતા જાઓ છો તેમ તેમ શબ્દ પોતાનું હૃદય ખોલતો જાય છે. શબ્દ એક પણ અર્થ અનેક.

આનંદઘનજી સમજી ગયા અને ઊભા થયા. 'જુઓ ભાઈ, આ તમારો ઉપાશ્રય. આજથી આપણે સામેના ઝાડ નીચે બેસીશું આ તમારાં કપડાં અને આ તમારાં સાધનો જે, ખાધું તે ખવાઈ ગયું, અમે તો આ ચાલ્યા.'

કર્તાના ગર્વનો ભાર એમને અસહ્ય લાગ્યો.

ધર્મનું કામ કરીને કર્તાપણામાંથી નીકળી

જવું. 'મેં કર્યું' એ ભુલાઇ જવું જોઇએ. જે થઇ ગયું એનો ગર્વ શું કરવાનો? મેં આટલું કર્યું પણ મને આટલી જગ્યા પણ ન આપી, આટલી મહત્તા પણ ન આપી! કર્તામાં મનદુઃખ થવાનો સંભવ છે.

પણ જ્યાં કર્તાપણું નીકળી ગયું પછી થાય કે હું કોઇ વસ્તુ બનાવતો નથી, પણ બની જાય છે. હું તો માત્ર સાક્ષી છું.

દરેક કામમાં સાક્ષી બને એ કેવો અલિપ્ત રહે!

હું તમને ઉપદેશ દઉં અને તમારું કામ થઇ જાય. કામ થયા પછી જો મારા મનમાં કર્તૃત્વનો જ ભાવ પડયો હોય તો મને રોજ બળતરા થાય કે મેં કરાવ્યું, મારા ઉપદેશથી, મારાથી થયું છતાં આ કેવા નગુણી શ્રાવકો કે મારું નામ પણ આ બોર્ડ ઉપર લખતા નથી?

કર્તૃત્વપણું આવ્યું એટલે આત્મા ભારથી નીચે ગયો.

પણ હું એમ વિચારું કે હું તો સાક્ષી છું. ઉપદેશ દેતો હતો અને એમનું કામ થઇ ગયું. લોકોનાં હાથે સારાં કામ થવાનાં હતાં, દાન દેવાનું હતું ત્યાં લોકોના હૃદયમાં શુભ વિચારો જાગ્યા અને સારું કામ થઈ ગયું.

જુઓ, કેટલી હળવાશથી નીકળી જવાય છે. નથી કોઇ બળતરા, કે નથી કોઇ ઉપાધિ. આત્માનું નીચે ઉતરવાપણું નહીં. મેં આટલું કામ કર્યું તો મારે માટે શું?' એ ઝઘડો જ નહીં.

મનમાં ઉલ્લાસની ભરતી આવે, હાથથી મમતા છૂટી જાય. બસ, આનંદ આવી ગયો. દીધું અને મન પ્રસન્ન થઇ ગયું. ભારમુકત બન્યાનો જ આનન્દ.

કોઈ ભૂખ્યો આવ્યો, તમે એને જમાડયો. એ જમ્યો અને એના મોઢા ઉપર આનંદ આવ્યો. તમારું પુણ્ય તમને મળી ગયું.

બે મહિના પછી એ તમને મળે અને કદાચ તમને ન બોલાવે. તમે શું કહો? 'તું કેવો નિર્ગુણી માણસ છે. તને ખવડાવ્યું તે પણ તું ભૂલી ગયો! મારે ત્યાં ખાઇને ગયો એટલું પણ યાદ નથી! સામે મળ્યો તો તું બોલાવે પણ નહિ!' આ કેવી બળતરા અને ઉપાધિ કર્તૃત્વપણામાં છે!

એક ટંક જમાડયું તેના આભારની અપેક્ષા બે મહિના પછી પણ રાખતા હોય છે.

આજ જમાડયાનો આનંદ બે મહિના પછી દુઃખ ઊભું કરે!

આ એક બનેલી વાત છે. એક ભાઇ બહારગામથી આવ્યા, ધર્મશાળામાં ઊતર્યા. ગામના સુખી માણસ સાથે ઓળખાણ થઇ, એણે પોતાને ઘરે જમવા બોલાવ્યો. બે દિવસ સુધી આગતાસ્વાગતા કરી.

એ વાતને દસ–પંદર વર્ષ વીતી ગયાં. એક દિવસ બન્ને જણા આ ઉપાશ્રયમાં ભેગા થઇ ગયા. ઓળખણ ન પડી એટલે એકબીજાને બોલાવ્યા નહિ.

જેવા પેલા બહારગામથી આવેલા ભાઇ ઊઠયા એટલે બીજા ભાઈ બોલી ઊઠયાઃ 'જોયું? આ દુનિયા કેવી નિર્ગુણી છે?'

મને થયું કે આટલો બધો વૈરાગ્ય એકા એક કયાંથી આવ્યો? પૂછયું તો ભાઈએ કહ્યું: પેલા ભાઇને ઓળખ્યો? બે બે દિવસ સુધી મેં એને જમાડયો પણ એણે સભ્યતા ખાતર 'કેમ છો?' એટલું પણ ન કહ્યું. મારું મન ખાટું ખાટું થઇ ગયું.

બન્ને ભાઈ ગયા, ત્યાં મારા મનમાં વિચાર

જાગ્યોઃ એ અહીં આવ્યા, પણ એમનું મન ખાટું જ રહ્યું, દુઃખી જ રહ્યું, મનને શાંતિ ન થઈ.

દસ–પંદર વર્ષ પહેલાં જમાડેલી વાત એણે બરાબર યાદ રાખી અને પેલો ભૂલી ગયો. એટલે જ્યારથી એને જોયો ત્યારથી એના મનમાં સળવળાટ શરૂ થયો કે એ મને બોલાવે કેમ નહિ ?

ખવડાવ્યાનો આનંદ જિંદગી સુધી રહે કે પંદર વર્ષે પણ જમાડ્યાનું દુઃખ જ ઊભું રહે ?

બહારગામથી આવેલા પેલા ભાઈ બીજે દિવસે આવ્યા. મેં પૂછ્યું : તમે કાલે તમારી બાજુમાં બેઠેલા ભાઈને ન ઓળખ્યા ? કહ્યું : 'ના.' મેં કહ્યું: તમે વર્ષો પહેલાંએમને ત્યાં બે દિવસ જમ્યા હતા.

એ વાત યાદ આવતાં તરત પેલા ભાઈએ કહ્યું : મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ. હું તો એમને ઓળખી જ ન શકયો. હું એમને ચોક્કસ મળવા માગું છું. એ સરનામું લઇ એમને શોધવા ગયા.

બીજા દિવસે મેં પૂછ્યું: પેલા ભાઈ મળ્યા કે નહિ ? કહ્યું: મળ્યા તો શું, પણ એણે તો મારો એટલો બધો આભાર માન્યો, મને સાથે લઈ ગયા અને કેટલો ય ખર્ચ કર્યો. જોયું ? ભાવો કેવા બદલાય છે ?

માણસનું દુઃખ કર્તાપણાનું છે. એને લીધે એ માને છે કે અન્યે ભાવોનો હું કર્તા છું. આ કર્તાના કારણે મનમાં દુઃખ ઊભું થાય છે.

દુનિયામાં જે બનવાનું હોય તે બને જ છે. એને તમારા ઘરનું ખાવાનું હોય તો જ તમે એને ખવડાવો પણ એના નસીબમાં જો તમારા ઘરનો દાણો ખાવાનો નહિ લખેલો હોય તો તમે નહિ ખવડાવી શકો.

કર્તાપણામાં તું શું કરવા નકામો હેરાન થાય છે. તું સાક્ષી બનીને રહે. જે કામ બની ગયું એનો તું માત્ર દ્રષ્ટા બન.

જ્ઞાનસાર તમને કર્તૃત્વપણાનાં દુઃખમાંથી બહાર કાઢવા માગે છે.

ભાવનાની ભરતી આવી, દાન દીધું, આનંદ મળી ગયો. પછી ઉપાધી નહિ. સ્વસ્વભાવમાં મગ્ન અને જગતના તત્ત્વોનું અવલોકન કરનારને જગતના બનાવોને સાક્ષી બનીને જોવામાં જ જીવનની મજા આવે છે. સંસારમાં રહેવા છતાં એ સુખી રહી શકે છે, કારણ કે કર્તાનો ભાર એને માથે નથી.

હીરા ઝવેરાતની દુકાને એક મોટર આવી ઊભી રહી. એમાંથી એક યુવક ઊતર્યો. જમણા હાથે એ ઠૂંઠો હતો. દુકાન પર આવી એણે માલિકને કહ્યું: ઓછામાં ઓછા ચાલીશ હજારનો એક હીરાનો હાર મને જોઈએ છે.

ઝવેરીએ એક સુંદર હાર એની સામે મૂકયો. યુવકે રૂપિયા આપવા માટે પોતાનાં ગજવાં ફંફોસ્યાં, અને પછી વિનમ્રતાથી કહ્યું: "માફ કરજો. હું પાકિટ ઘરે ભૂલી આવ્યો છું. મારી પત્ની પર એક ચીઠ્ઠી લખી હમણાં મંગાવી આપું છું. પણ મારો આ જમણો હાથ એક અકસ્માતમાં કપાઇ ગયો છે તો આપ મારી પત્ની પર એક ચિઠ્ઠી લખી આપશો ?

ઝવેરીને એમ કરવામાં કોઇ બાધ નહોતો.

યુવકે લખાવ્યું : "પ્રિય ! આ ચિઠ્ઠી લાવનારની સાથે ૪૦ હજાર રૂ. તરત મોકલી આપ" વીસેક મીનીટમાંજ શોફર રૂપિયા લઇ આવી ગયો.

યુવકે પૈસા આપી હાર ખરીદી લીધો. ઝવેરી બહુ જ ખુશ થયો, કારણકે ત્રીસ હજારનો હાર તેણે ચાલીસ હજારમાં વેચ્યો હતો. પણ સાંજે તે ઘેર આવ્યો ત્યારે એની પત્નીએ પૂછ્યું: "આજે એવી તે શી જરૂર પડી કે તમે ચિઠ્ઠી લખીને ૪૦ હજાર રૂપિયા મંગાવ્યા ?"

# ✻ દેવનારનું દર્દ ✻

દેવનારમાં થનાર યાંત્રિક કતલખાનાનો વિરોધ કરવા અને હિંસાના પાયારૂપ યાંત્રિક કતલખાનાથી ભારતની અહિંસક સંસ્કૃતિ નષ્ટ થાય છે તે સમજાવવા મુંબઇના અગ્રગણ્ય નાગરિકો પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની સાથે તા. ૨–૯–૬૯ના બપોરના ત્રણ વાગે કોર્પોરેશન હૉલમાં ગયા હતા.

મુનિશ્રીએ આ યાંત્રિક કતલખાનાનો અહિંસાની દૃષ્ટિએ સખત વિરોધ કર્યો હતો અને તે વાત તેઓશ્રીએ ભારપૂર્વક રજૂ કરી હતી.

શ્રી રાયચંદભાઈ જણાવે છે કે મેયરશ્રીએ ગૌરવપૂર્વક કહ્યું હતું કે દેવનારનું યાંત્રિક કતલખાનું ભારતમાં મોટામાં મોટું છે. માનનીય મેયરશ્રીએ આવી વાત કરીજ નથી. તેઓશ્રીએ તો કહ્યું હતું કે હું તો બ્રાહ્મણ હોઇને અહિંસાને વરેલો છું.

એક પ્રતિનિધિના પ્રશ્નના જવાબમાં મેયરશ્રીએ જણાવ્યું કે નિકાસ થશે નહિ, જરૂરિયાત કરતાં વધારે કતલ થશે નહિ અને વ્યાપારની કોઇ વિચારણા જ નથી. આના પુરાવા રૂપે નગરપાલિકાનો છાપેલો ઠરાવ વાંચ્યો હતો.

મુનિશ્રીએ તો જતાં જતાં પણ અહિંસાના સિદ્ધાંત ઉપર ભાર મૂકયો હતો અને ઊભા થયેલા છાપાંના પ્રતિનિધિઓને બેસાડીને પોતાનો વિરોધ વ્યકત કરતાં કહ્યું કે અમારો વિરોધ તો માંસના વ્યાપાર અને યાંત્રિક કતલખાના સામે છે. જેને અહિંસા અને કરુણામાં થોડી પણ શ્રદ્ધા છે તે આવા કામમાં સંમત ન થાય તો અહિંસા જ જેમનો સિદ્ધાંત છે એવા મુનિશ્રીના દુઃખનું તો પૂછવું જ શું ?

જે મુનિશ્રીએ જહેમત ઉઠાવી આઠ દિવસ કતલખાના બંધ રખાવવાનું કાર્ય કર્યું, જેઓ વારંવાર કતલખાનાનો વિરોધ કરી રહ્યાં છે તેઓ કતલખાના માટે પોતાને નિમિત્ત બનાવે તેમ વિચારવું પણ પાપ છે.

આવી રીતે મુનિશ્રીની વધતી જતી પ્રતિષ્ઠા અને લોકપ્રિયતાને ઘટાડવાના પ્રયત્નો સમાજ માટે ખતરનાક નીવડશે. દેવનારનું દર્દ આપણા કરતાં અહિંસાપ્રેમી મુનિશ્રીને ઓછું નથી.

**શ્રી ફુલચંદ હરિચંદ દોશી**
માનદ્ મંત્રી, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

✻

## : પ્રેમ પરાગ :

મને અહીં મોકલતાં પહેલાં તેં કહ્યું હતું: ‘માગી લે. પ્રેમ જોઈએ કે સૌન્દર્ય ? એક મળશે, બે નહિ.’

મેં મારા અંતરના આદેશ પ્રમાણે પ્રેમ માગ્યો.

તેં તે વેળા સ્મિત કર્યું અને હું દ્વિધામાં પડ્યો: રખે મારી માગણી મૂર્ખાઈભરી ઠરે.

પણ હવે આજ હું મારી જાતને ધન્યવાદથી વધાવું છું, કારણ કે મેં સહજભાવે માગ્યું હતું તે જ સત્ય નીવડ્યું. અત્યારે મારા દ્વારે સૌન્દર્ય આંટા મારી રહ્યું છું.

હું દ્વાર ખોલવા ઊભો થયો ત્યાં પ્રેમે કહ્યું: ‘જરા ધીરો થા. દ્વાર ખોલવાની કંઇ જ જરૂર નથી. એ તો મારું બાહ્ય અંગ છે અને તે દ્વારપાળ બનીને ઊભું રહેશે જ.’

ઓહ ! હવે સમજાયું. સૌન્દર્ય એ તો પ્રેમ પુષ્પનો જ પરાગ છે.

પ્રેમની નજર જ વસ્તુને વિશિષ્ટ અને સૌન્દર્યમય બનાવે છે. ભૂલીશ નહિ: સૌન્દર્ય પ્રેમનો જ દ્વારપાલ છે.

**Mahatma Gandhi Said :**

I am too human not to be touched by the sorrows of others, and when I find no remedy for alleviating them, my human nature so agitates me that I pine to embrace death like a long-lost friend.

●

Kamani Eng. Corpn. Ltd.,

Kamani Metals & Alloys Ltd.,

Kamani Metallic Oxides Pr. Ltd.,

Kamani Tubes Pr. Ltd.,

Jaipur Metals & Elecls. Ltd.,

**Kamani Chambers, Nicol Road,**
**Ballard Estate, BOMBAY-1.**

# ❋ ન્યુઝીલેન્ડના ખેલાડીઓ ❋

તા. ૨૯-૯-૬૯ સોમવારે પૂ. ચિત્રભાનુ મહારાજશ્રીનું સાન્નિધ્ય ન્યુઝીલેન્ડની ક્રિકેટની ટીમના ખેલાડીઓ શ્રી Pollord, Congdon, Milburn, Hadlee, અને Collinge (સર્વશ્રી પોલોર્ડ, કોંગ્ડન, મિલ્બર્ન, હેડલી અને કોલિંગ) એ સાધ્યું.

પૂ. શ્રીનાં દર્શન કર્યાં અને શરીર ઉપર માત્ર બે જ વસ્ત્રો તથા પૂ. શ્રીની જીવન પદ્ધતિમાં દર્શન દેતી સાદાઇ જોઇને તેઓ આશ્ચર્ય સહિત પૂછવા લાગ્યા.

"જીવનમાં આવી સાદાઇ કેમ ? શું આવી સાદાઈમાં પણ તમે સુખી છો ?"

હસીને પૂ. શ્રીએ કહ્યું: માનવીનું સુખ વસ્ત્રાલંકારો અને વિલાસી Luxurious જીવનમાં નથી. સુખ એ મનનો વિષય છે. તૃષ્ણાવાળો માણસ સદા માગણીની આગમાં બળતો જ હોય છે. જેટલી જરૂરિયાતો વધારે એટલું જ મન અશાંત અને ભૂખ્યું. ભૂખ્યું મન પોતામાં ઓછું જુએ અને પરાયામાં વધારે. અને બીજાનો વૈભવ એના વૈભવને ઝાંખો કરી નાખે. આમ અંતરમાં તૃષ્ણા વધતી જાય છે, ઇર્ષ્યાનો દીપક વધુ પ્રજ્વલિત થાય છે. માનવીનું મન ભરાતું નથી અને શ્વાનની જેમ અહીંથી તહીં કંઈક મેળવવા દોડ લગાવે. માનવીની તૃષ્ણાને છેડો છે ? તૃષ્ણા એ જ દુઃખનું કારણ છે, અશાંતિનાં બીજ ત્યાં છે.

સુખ અંદર છે, ચૈતન્ય સાથેની ઐકયતામાં છે. જેની જરૂરિયાત ઓછી એ એની મસ્તીમાં રાચે છે, ઉચ્ચ વિચારોમાં રમે છે એનું મન બહાર નથી દોડતું પણ અંદર ઠરી જાય છે.

સુખ દોડવામાં નથી, ઠરવામાં છે.

મને આ બે કપડામાં અને જીવનની સાદાઈમાં જે સુખ છે એ તમને તમારા પરિગ્રહમાં છે ?

વિશ્વયુદ્ધનું કારણ પણ આ તૃષ્ણા જ છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં ભય છે. કોઇ પડાવી જશે તેની ભીતિ પણ છે. બીજાનું પડાવી લેવાની વૃત્તિ સંતાઈને બેઠી છે. વૃત્તિ બહાર આવે છે અને યુદ્ધની આગ સળગી ઊઠે છે.

અંતમાં પૂ. શ્રીએ કહ્યું : વિશ્વનું ભાવિ નિર્માણ કરનારા વિશ્વના ભાવિ નાગરિકો તમે છો. વૃદ્ધો પાસે અનુભવ છે પણ યુવાનીનો ઉત્સાહ નથી, વિચારો છે પણ આચરણમાં ઉતારવાનો થનગનાટ નથી.

તમે ગમે તે ક્ષેત્રમાં ઝંપલાવો, નામના અને પ્રસિદ્ધિ પણ મેળવો પણ એ ન ભૂલશો કે માનવજીવનનો કાંઇક ચોકકસ હેતુ છે.

પૂ. ગુરુદેવે આપેલી સમજથી તેઓના મુખ આનંદથી મલકાઇ ઉઠયાં, બોલી ઉઠયા: અમે આપનું સાન્નિધ્ય વહેલા કેમ ન સાધ્યું ? વધુ જાણવા માટેની ઇચ્છા વ્યકત કરી પણ પૂ. શ્રીનો મૌન અને સ્વાધ્યાયનો સમય થઇ ચૂકયો હતો.

'ધ બીકન' આપતાં પૂ. ગુરુદેવે જણાવ્યું કે આ પુસ્તકનું માત્ર વાચન જ નહિ પણ મનન કરશો.

જેમને જોવા, જેમની સાથે હસ્તધૂનન કરવા, જેમનાં હસ્તાક્ષરો લેવા માટે હજારો નહિ પણ લાખો પડાપડી કરે તેઓ આમ નત મસ્તકે પૂ. ગુરુદેવનો આશીર્વાદભર્યો વાસક્ષેપ લે તે દૃશ્ય જોતાં આપણને સહજે આનંદ થાય.

—કુ. વત્સલા અમીન

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'કવીન્સ વ્યુ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે